# લીટેરા ઝી સ્કૂલને ૪ કરોડનું દાનની લાલચ આપી ૨ કરોડની ઠગાઇ

**ભવાનીવડની** આંગડિયા પેઢીમાં રોકડા ૨ કરોડ પડાવી ગઠિયાઓ છૂ થઈ ગયા

**બોગસ** આંગડિયા પેઢી ઊભી કરી હોવાની આશંકા

સુરત : સુરતની નામાંકિત માઉન્ટ લીટેરા ઝી સ્કૂલ (ડાયમંડ સિટી)ના ટ્રસ્ટી રાજીવ રાજેન્દ્રસીંઘ સાથે દાન મેળવવાની લાલચમાં રૂપિયા ૨ કરોડની છેતરપિંડી થતાં પોલીસ મથકે ગુનો નોંધાયો છે. સ્કૂલના ટ્રસ્ટમાં ૪ કરોડ રૂપિયાનું ડોનેશન RTGSથી મેળવવાના ચક્કરમાં ટ્રસ્ટીએ આંગડિયા પેઢી મારફતે ૨ કરોડ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. મહિધરપુરાની એક શંકાસ્પદ આંગડિયા પેઢીના સંચાલકો અને મુંબઈની કંપનીના કથિત PRO આકાશ ધ્યાનેશ્વર સહિતના ટોળકી સામે આયોજનબદ્ધ કાવતરું રચી ગુનો આચરવા બદલ કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આશરે આઠ મહિના પહેલા સ્કૂલના વુમન્સ ડે ફંક્શનમાં મહેમાન તરીકે આવેલી દીપિકાબેન નામની મહિલા સાથે ટ્રસ્ટીની મુલાકાત થઈ હતી. દીપિકાએ ફોન કરી જણાવ્યું કે, એક કંપની સ્કૂલ ટ્રસ્ટમાં ૪ કરોડનું દાન આપશે, પરંતુ સામે ૨ કરોડ રૂપિયા રોકડા આપવા પડશે.ગત ૨૧ અને ૨૨ મેના રોજ દીપિકા, વિકાસ વસાવા, અશ્વિન, વિનોદ પટેલ અને કિરીટ આટોદરીયા નામના શખ્સોએ ટ્રસ્ટી રાજીવસીંઘ સાથે બેઠકો કરી મુંબઈની કંપનીના PRO તરીકે આકાશ ધ્યાનેશ્વરની ઓળખાણ કરાવી હતી.

૨૫ મેના રોજ ટ્રસ્ટીએ અમદાવાદના મિત્ર ચિરાગ પટેલ પાસેથી મંગાવેલા રોકડા ૨ કરોડ રૂપિયા મહિધરપુરા હરીપુરા ચાર રસ્તા પાસે આવેલી 'પટેલ મુકેશ કુમાર એન્ડ કું.' આંગડિયા પેઢીમાં જમા કરાવ્યા હતા. પેઢીના માણસે મુંબઈ ડિલિવરી માટે ટોકન પેટે ૧૦ રૂપિયાની ચલણી નોટ આપી હતી. રૂપિયા જમા થયા બાદ પણ ટ્રસ્ટના ખાતામાં ૪ કરોડ ન આવતા તપાસ કરી તો આંગડિયા પેઢી બંધ હતી અને આરોપીઓના ફોન સ્વીચ ઓફ આવ્યા હતા.

હાલમાં ભોગ બનનાર રાજીવ રાજેન્દ્ર સીંઘ ઉ.વ-૩૯ ધંધો- સ્કુલના ટ્રસ્ટી (માઉન્ટ લીટેરા ઝી સ્કુલ ડાયમંડ સીટી) રહે, અવધ સાગ્રીલા, નેશનલ હાઈવે નં.૪૮, બલેશ્વર, પલસાણાની ફરિયાદના આધારે મહિધરપુરા પોલીસે આકાશ ધ્યાનેશ્વર તથા પટેલ મુકેશ કુમાર એન્ડ કું આગડીયા પેઢીમાં બેસેલ બે અજાણ્યા ઇસમો સામે ગુનાહિત કાવતરું અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અઢી વર્ષ પછી ગુજરાતમાં દેખાયું દુર્લભ 'માઈક્રો બ્લૂ મૂન

**વડોદરા**, સુરત સહિત સમગ્ર ગુજરાતમાં નિહાળાયો અનોખો ખગોળીય નજારો

**પૃથ્વીથી** 4 ,06 ,365 કિમી દૂર રહેલા ચંદ્રનું ચિત્રાંકન, વૈજ્ઞાનિકો અને ખગોળપ્રેમીઓમાં ઉત્સાહ



સુરત : સમગ્ર ગુજરાતના આકાશમાં આજે એક દુર્લભ ખગોળીય ઘટના જોવા મળી હતી. વડોદરા, સુરત સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં 'માઈક્રો બ્લૂ મૂન'નો અદ્ભુત નજારો નિહાળવા મળ્યો હતો.

ખગોળવિજ્ઞાનીઓના જણાવ્યા મુજબ આ ઘટના આશરે ઢાઈ વર્ષ બાદ જોવા મળી છે અને હવે આગામી ઢાઈ વર્ષ પછી ફરી આવી ખગોળીય સ્થિતિ સર્જાશે.

ગુરુદેવ વેધશાળાના ખગોળવિદોએ આધુનિક દૂરબીન અને વિશિષ્ટ કેમેરાની મદદથી આ દુર્લભ ચંદ્રની ઉચ્ચ ગુણવત્તાવાળી તસવીરો કેદ કરી હતી. પૃથ્વીથી અંદાજે 4,06,365 કિલોમીટર દૂર રહેલો ચંદ્ર આજે સામાન્ય પૂર્ણિમાના ચંદ્ર કરતાં થોડો નાનો દેખાતો હોવાથી તેને 'માઈક્રો મૂન' તરીકે ઓળખવામાં આવે છે.

જ્યારે એક જ ઋતુ અથવા સમયગાળામાં આવતી વિશિષ્ટ પૂર્ણિમાને 'બ્લૂ મૂન' તરીકે ઓળખવામાં આવે છે.

**વસતી ગણતરી મુદ્દે પોલીસ કાર્યવાહીની હિલચાલથી કર્મચારીઓમાં ફફડાટ**

# એસ.ડી.જૈન સ્કૂલના પ્રિન્સિપાલ-વાઈસ પ્રિન્સિપાલ સામે કાર્યવાહી

**આજથી** વસતી ગણતરીનો પ્રારંભઃ તાલીમમાં હાજર નહી રહેલા આંગણવાડીના 890 કર્મચારીઓને પણ કારણદર્શક નોટિસ ફટકારાઇ

## સ્વગણનામાં સુરત રાજયમાં બીજા નંબરે

સુરતઃ દેશવ્યાપી ડિજિટલ વસતી ગણતરી-2027ની પ્રક્રિયા હવે પૂરજોશમાં આગળ વધી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા આ વખતે સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી યોજાનારી વસતી ગણતરીના ભાગરૂપે ગણતરીદારો અને સુપરવાઇઝરોને સઘન તાલીમ આપવામાં આવી છે. લોકોને પોતાની વિગતો જાતે નોંધાવવા પ્રોત્સાહિત કરવા માટે 17થી 31 મે દરમિયાન 'સ્વગણના' (સેલ્ફ એન્યુમરેશન)નો વિશેષ તબક્કો યોજાયો હતો. જેમાં સુરત રાજયમાં બીજા ક્રમે છે. અમદાવાદમાં સૌથી વધુ 68,168 લોકોએ સ્વગણનામાં ભાગ લીધો હતો, જ્યારે સુરતમાં 37,714 લોકોએ ભાગ લીધો હતો, હવે સોમવાર, 1 જૂનથી આગામી 30 દિવસ સુધી વસતી ગણતરીનો પ્રથમ તબક્કો શરૂ થશે, જેમાં ગણતરીદારો ઘરે-ઘરે જઈને મકાનો અને પરિવારોની વિગતો એકત્રિત કરશે, ત્યારબાદ 7થી 28 ફેબ્રુઆરી-2027 દરમિયાન વસતી ગણતરીનો બીજો તબક્કો હાથ ધરાશે.

સુરત : સોમવારથી શહેરમાં વસતી ગણતરીનો પ્રારંભ થનાર છે. હાલ સુરત શહેરની વસતી આશરે 86 લાખ સુધી પહોંચી હોવાનો અંદાજ છે. આ વિશાળ જનસંખ્યાને આવરી લેવા માટે વહીવટી તંત્ર દ્વારા શહેરમાં કુલ 11,880 ગણતરી બ્લોક નક્કી કરવામાં આવ્યા છે. વસતી ગણતરીની આ કામગીરીને પહોંચી વળવા માટે સુરત મહાનગરપાલિકા પાસે હાલ 10,804 ગણતરીદારો કાર્યરત છે, જ્યારે જરૂરિયાત મુજબ વધારાના સ્ટાફના ઓર્ડર કરવાની પ્રક્રિયા ગતિમાં છે. સમગ્ર કામગીરીના સુપરવિઝન માટે 1,935 સુપરવાઈઝરોની નિમણૂક કરવામાં આવી છે. આ રાષ્ટ્રીય કામગીરીમાં આંગણવાડીના કર્મચારીઓની પણ મદદ લેવામાં આવી રહી છે, પરંતુ 890 આંગણવાડી કાર્યકરો હાજર નહી થતા તેમને નોટિસ ફટકારવામાં આવી છે. ઉપરાંત એસ.ડી.જૈન સ્કૂલના આચાર્ય તેમ ઉપઆચાર્ય પણ વસતીગણરતીની કામગીરીમાં હાજર નહી થતા તેમની સામે પોલીસ કાર્યવાહી કરવા મનપા દ્વારા પત્ર લખીને આકરું વલણ અપનાવાયું છે.

## વરસાદ પડતાં જ કેરીના ભાવ ગગડી ગયા



(તસવીર : સતીષ જાદવ)

■ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં પડેલા વરસાદના કારણે કેરીના ભાવ ગગડી ગયા હતા.

# સૈયદપુરામાં બંધ ફ્લેટમાં વહેલી સવારે શોર્ટ સર્કિટથી આગ

**ફ્લેટધારક** મોર્નિંગ વોકમાં ગયા ને બંધ ફ્લેટમાં આગ ભભૂકી ઉઠી

**વહેલી** સવારે આગ લાગતા એપાર્ટમેન્ટના રહીશોમાં ભય ફેલાયો નાશભાગ મચી

સુરતઃ સુરતના સૈયદપુરા માર્કેટ નજીક આવેલા ક્રિષ્ના એપાર્ટમેન્ટમાં રવિવારે વહેલી સવારે એક બંધ ફ્લેટમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ એપાર્ટમેન્ટમાં રહેતા નરેશભાઈ વહેલી સવારે પોતાના ફ્લેટને લોક કરીને રોજિંદા ક્રમ મુજબ મોર્નિંગ વોક માટે નીકળ્યા હતા. તેઓ ગયા બાદ બંધ ઘરની અંદર સંભવતઃ શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ અજ્ઞાત કારણસર અચાનક આગ ભડકી ઉઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા ફ્લેટની બારીઓમાંથી ધૂમાડો બહાર નીકળવા લાગ્યો હતો. વહેલી સવારે એપાર્ટમેન્ટમાંથી ધૂમાડાના ગોટેગોટા નીકળતા જોઈ આજુબાજુના રહીશોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને લોકો જીવ બચાવવા માટે ઘરની બહાર દોડી આવતા નાસભાગ મચી ગઈ હતી. ઘટના અંગે તુરંત જ ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતા બે અલગ-અલગ ફાયર સ્ટેશનની ટીમો બે ફાયર ફાઈટર ગાડીઓ સાથે પહોંચી હતી.

ફાયર બ્રિગેડના લાશ્કરોએ મોરચો સંભાળી લીધો હતો અને બંધ ફ્લેટના દરવાજા વાટે અંદર પ્રવેશી પાણીનો સતત મારો ચલાવ્યો હતો. માત્ર અડધા કલાકના ટૂંકા સમયમાં જ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો હતો, જેને કારણે આગ આગળ વધતી અટકી ગઈ હતી અને એપાર્ટમેન્ટના અન્ય રૂમો તેમજ આજુબાજુના ફ્લેટો મોટી હોનારતમાંથી બચી ગયા હતા.

આ આગની ઝપેટમાં આવી જવાથી નરેશભાઈના ઘરમાં રાખેલું ફ્રિજ, પંખા, મોંઘું ફર્નિચર, કિચનનો તમામ સામાન, ઘરવખરી તેમજ ઈલેક્ટ્રિક વાયરિંગ બળીને ખાખ થઈ ગયું હતું, જેના કારણે મિલકતદારને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સદનસીબે વહેલી સવારે ફ્લેટ બંધ હોવાને કારણે આ સમગ્ર દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે કોઈ વ્યક્તિને ઈજા થઈ ન હોવાનું ફાયર ઓફિસર દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે.

# પાલ હેલ્થ સેન્ટરમાં સવા વર્ષથી એક્સ-રે મશીન 'ધૂળ ખાય છે'




**કરોડોનું** મશીન આવી ગયું પરંતુ ટેકનિકલ સ્ટાફ નહી હોવાથી મશીન શોભાના ગાંઠિયા જેવું બની રહ્યું

સુરતઃ સુરત મહાનગરપાલિકા એક તરફ શહેરીજનોને ઘર આંગણે શ્રેષ્ઠ, આધુનિક અને સુવિધાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના મોટા-મોટા દાવાઓ કરે છે, તો બીજી તરફ કરોડો રૂપિયાના બજેટના ખર્ચે વસાવાયેલા તબીબી સાધનો સરકારી તંત્રની લાપરવાહીને કારણે ધૂળ ખાઈ રહ્યા હોવાનું જાણવામાં આવી રહ્યું છે. સુરતના પાલ વિસ્તારમાં સ્થાનિક લોકોને પોતાના ઘરની નજીક જ તમામ પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ સસ્તા દરે મળી રહે તે હેતુથી મનપા દ્વારા 50 બેડની હોસ્પિટલ અને અદ્યતન હેલ્થ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. આ હોસ્પિટલોમાં લેબોરેટરી અને એક્સ-રે જેવી પાયાની તબીબી સુવિધાઓ ઊભી કરવા માટે લાખો રૂપિયાના ખર્ચે આધુનિક ડિજિટલ મશીનો ખરીદવામાં આવ્યા છે. પાલ હેલ્થ સેન્ટરમાં વહીવટી તંત્રની ઘોર ઉદાસીનતા અને આયોજનના અભાવને કારણે આ અદ્યતન એક્સ-રે મશીન આવ્યાને 400થી વધુ દિવસો (એક વર્ષ કરતા વધુ સમય) વીતી ગયા હોવા છતાં હજી સુધી તેમાં એક પણ ગરીબ દર્દીનો એક્સ-રે પાડવામાં આવ્યો નથી, જેને પગલે ઘર આંગણે સસ્તી આરોગ્ય સુવિધા આપવાના દાવાઓનો ફિયાસ્કો થયો છે.

પાલ વિસ્તારના પૂર્વ કોર્પોરેટરે આરોગ્ય વિભાગની આ ગંભીર બેદરકારી અને લાખો રૂપિયાના સરકારી નાણાંના વ્યય અંગે કમિશનરને લેખિતમાં ફરિયાદ કરી છે. હોસ્પિટલમાં આવતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને નાછૂટકે બહાર ખાનગી લેબોરેટરીઓમાં મોંઘા ભાવે એક્સ-રે પડાવવા મજબૂર થવું પડી રહ્યું છે, જેથી આ મશીન વહેલી તકે ચાલુ કરીને જવાબદાર અધિકારીઓ સામે કડક તપાસ કરવામાં આવે.

એન્જિનિયરિંગ અને આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતોના મતે, સરકારી હોસ્પિટલોમાં મશીનો ખરીદ્યા બાદ કાં તો તેને ચલાવવા માટે જરૂરી ક્વોલિફાઈડ રેડિયોગ્રાફર કે ટેકનિશિયનની ભરતી કરવામાં આવતી નથી, અથવા તો એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ (AERB) ની જરૂરી રેડિયેશન સેફ્ટી મંજૂરીઓ લેવામાં વહીવટી તંત્ર મહિનાઓ સુધી કાગળિયાની ગતિમાં અટવાયેલું રહે છે.

# સિવિલના ગેટ પાસે કેન્ટીનથી ઈમરજન્સી સેવા પ્રભાવિત



**તંત્ર** દ્વારા સ્થળ તપાસ કે ટ્રાફિક વ્યવસ્થાનું મૂલ્યાંકન કર્યા વગર કેન્ટીન માટે જગ્યા ફાળવી દેવાય

**ડોક્ટરોને** પણ આવવા જવા માટે ગેટ પાસે ભારે ન્યુસન્સનો સામનો કરવો પડે છે

સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ પાસે કેન્ટીન માટે જગ્યા ફાળવાતા હોસ્પિટલમાં આવતા દર્દીઓ, તેમના સગા તેમજ વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હોસ્પિટલના મુખ્ય પ્રવેશદ્વાર નજીક જ કેન્ટીન હોવાથી રોજિંદા ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. ખાસ કરીને ઈમરજન્સી સમયે હોસ્પિટલમાં આવતા એમ્બ્યુલન્સ વાહનોને અવરજવર કરવામાં ગંભીર મુશ્કેલીઓ ઉભી થતી હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

મળતી માહિતી મુજબ હોસ્પિટલ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની સ્થળ તપાસ કે ટ્રાફિક વ્યવસ્થાનું મૂલ્યાંકન કર્યા વગર જ કેન્ટીન માટે જગ્યા ફાળવી દેવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મુખ્ય ગેટ નજીક લોકોની ભીડ, વાહનોની અવરજવર અને કેન્ટીન પાસે ઉભા રહેતા લોકોના કારણે સતત ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. હોસ્પિટલના મુખ્ય ગેટ પરથી જ ઈમરજન્સી દર્દીઓને લઈને એમ્બ્યુલન્સ સતત આવતી-જતી રહેતી હોય છે. પરંતુ કેન્ટીનને કારણે ઉભી થતી ભીડ અને વાહનોના દબાણથી ઘણી વખત એમ્બ્યુલન્સને પસાર થવામાં વિલંબ થતો હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય સેવા સાથે જોડાયેલા સ્થળે આવી પરિસ્થિતિ સર્જાતી હોવા છતાં હોસ્પિટલ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. મુખ્ય ગેટ પાસે અડચણરૂપ બનેલી કેન્ટીન અને તેના કારણે ઊભી થતી ટ્રાફિક સમસ્યા અંગે અનેક વખત ચર્ચાઓ ઉઠી હોવા છતાં હોસ્પિટલ તંત્ર તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટ કાર્યવાહી કરવામાં આવી નથી.

### પાન-માવા પર પ્રતિબંધ છતાં ખુલ્લેઆમ વેચાણ

હોસ્પિટલની અંદર પાન, માવો, ગુટખા અને તમાકુ જેવી વસ્તુઓ ઉપર પ્રતિબંધ હોવા છતાં મુખ્ય ગેટ પાસે આવેલી કેન્ટીનમાં આવી વસ્તુઓનું વેચાણ થતું હોવાના પણ આક્ષેપો છે. હોસ્પિટલમાં પ્રવેશતા લોકો પાસેથી સિક્યોરિટી દ્વારા પાન-માવા બહાર જ કઢાવી લેવામાં આવે છે.

### પાર્કિંગ માટેની જગ્યા ઉપયોગમાં લેતા વધ્યો રોષ

સ્થાનિક લોકો અને દર્દીઓના સગાઓના જણાવ્યા અનુસાર કેન્ટીન માટે જે જગ્યા ફાળવવામાં આવી છે તે મૂળ પાર્કિંગ માટે ઉપયોગમાં લેવાતી હતી. પાર્કિંગની જગ્યા ઘટતા વાહનચાલકોને વાહનો પાર્ક કરવામાં મુશ્કેલી પડી રહી છે. હોસ્પિટલ જેવી સંવેદનશીલ જગ્યાએ યોગ્ય આયોજન વગર કરવામાં આવેલી ફાળવણી અંગે લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

# લંડનના વીઝાના નામે સુરતના એજન્ટ સાથે રૂ. ૧.૧૭ કરોડથી ઠગાઈ

**જુદા** જુદા વીઝાના નામે સુરતના ભાગીદાર પાસેથી ટુકડે ટુકડે કરોડો રૂપિયા પડાવી લીધા

સુરતઃકાપોદ્રા વિસ્તારમાં સ્ટુડન્ટ વિઝાનું કામકાજ કરતા એક એજન્ટ સાથે અમદાવાદ અને લંડનથી વિઝા કન્સલ્ટન્સી ચલાવતી એક આખી ફેમિલીએ ભેગા મળીને રૂપિયા ૧,૧૭,૯૧,૨૦૦/-ની આર્થિક છેતરપિંડી આચરી હોવાની ચોંકાવનારી ફરિયાદ કાપોદ્રા પોલીસ મથકે નોંધાઈ છે.

મૂળ રાજકોટના જસદણના વતની અને હાલ કાપોદ્રા ખાતે રહેતા અશ્વિનભાઈ વિઠ્ઠલભાઈ માયાણી (ઉ.વ.૪૩) વર્ષ ૨૦૧૭થી રશિયાના સ્ટુડન્ટ વિઝાનું કામ કરતા હતા. કોરોના કાળમાં ધંધો ઠપ થઈ જતાં તેમણે લંડનના વિઝાનું કામ શરૂ કરવા મિત્ર વર્તુળમાં વાત કરી હતી. જેથી તેમના મિત્રએ અમદાવાદના બોપલ વિસ્તારમાં 'ફ્લાયઓવર ઈન્ટરનેશનલ' નામે ઓફિસ ધરાવતા ભાવનાબેન ભાવેશભાઈ રવાણીનો સંપર્ક કરાવી આપ્યો હતો. ભાવનાબેને જણાવ્યું હતું કે તેમની બીજી ઓફિસ લંડનમાં છે જે તેમનો પુત્ર હર્ષ અને પુત્રવધૂ નિરાલી સંભાળે છે, જ્યારે અમદાવાદની ઓફિસ તેઓ અને તેમના પતિ ભાવેશભાઈ ભોગીલાલ રવાણી સંભાળે છે.શરૂઆતમાં ૩ સ્ટુડન્ટના વિઝા આવી જતાં અશ્વિનભાઈનો વિશ્વાસ જીતીને હર્ષ રવાણીએ લંડન સરકારના હેલ્થકેર પ્રોગ્રામ હેઠળ જોબ ગેરેંટી સાથે ૨ મહિનામાં વર્ક વિઝા અપાવવાની લાલચ આપી હતી. આથી, અશ્વિનભાઈએ અન્ય સાત ક્લાયન્ટની ફાઈલો આપી હતી. આરોપીઓના કહેવાથી અલગ-અલગ સમયે આંગડિયા પેઢી મારફતે તેમજ બેંક ખાતામાં કુલ મળીને રૂ. ૧,૧૭,૯૧,૨૦૦/- ચૂકવવામાં આવ્યા હતા.આ દરમિયાન મયુરીબેન હપાણી નામના મહિલા ક્લાયન્ટ લંડન પહોંચીને કંપનીમાં નોકરી પર ગયા ત્યારે કંપનીએ સ્પષ્ટ ના પાડી દીધી હતી કે અમે કોઈ જોબ માટે બોલાવ્યા નથી, માત્ર વિઝા આપ્યા છે. આ બાબતે તપાસ કરતા રવાણી પરિવારે વાયદાઓ આપવાનું શરૂ કર્યું હતું.

છેવટે ગ્રાહકોએ સુરતના એજન્ટ અશ્વિનભાઈ પાસે નાણાં પરત માંગતા, તેમણે પોતાના ભંડોળમાંથી ગ્રાહકોને ધીમે-ધીમે પૈસા ચૂકવી દીધા હતા. રવાણી પરિવારે પૈસા પાછા ન આપતા આખરે ભાવેશભાઈ ભોગીલાલ રવાણી, હર્ષ રવાણી, નિરાલીબેન રવાણી અને ભાવનાબેન રવાણી સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## આંજણા ફાર્મમાં ત્રણ માળના સિલાઈ ખાતામાં ભીષણ આગ

સુરતઃ આંજણા ફાર્મમાં આગ લાગત સહિત ત્રણ અલગ-અલગ ફાયર સ્ટેશનની કુલ 6 ગાડીઓ સાથે ફાયર જવાનોનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર ફાયટરોએ મિલકત ચારેય તરફથી ઘેરીને પાણીનો સતત મારો ચલાવ્યો હતો અને ભારે જહેમત બાદ આશરે પોણા કલાકમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. આ ભીષણ આગના કારણે શેડમાં રાખેલા સિલ્વર પેપરના અસંખ્ય રોલ, ઈલેક્ટ્રિક વાયરિંગ, પંખા અને અન્ય કિંમતી માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો, જેનાથી કારખાના માલિકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સદનસીબે, ફાયર જવાનોની સમયસૂચકતાને કારણે આગ નીચેના માળ સુધી પ્રસરી ન હતી અને આ દુર્ઘટનામાં કોઈ પણ શ્રમિકને ઈજા કે જાનહાનિ નહીં થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

**મનપાએ ભીમરાડ-અડાજણની ડી-વોલ પડવાની ઘટનાઓથી બોધપાઠ લઈ**

# ચોમાસુ નજીક આવતા તંત્ર જાગ્યું: 100થી વધુ અંડર-કન્સ્ટ્રક્શન સાઇટોને નોટિસ

**જર્જરીત** મિલકતો રિપેર કરાવવા, બાંધકામનો કચરો રસ્તા વચ્ચે ન છોડી દેવાની વાતને પણ અગ્રતા અપાઈ

સુરતઃ સુરત મહાનગરપાલિકા તંત્ર દ્વારા ચોમાસાની પૂર્વ તૈયારીઓ રૂપે પ્રિ-મોન્સૂન કામગીરી મિશન મોડમાં શરૂ કરી દેવામાં આવી છે. અધિકારીઓ દ્વારા રસ્તા, ગટર-પાણીની લાઈનનાં કામો, ખાડી સફાઈ તેમજ જર્જરીત મિલકતો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

ગત વર્ષે ભીમરાડ અને અડાજણ વિસ્તારમાં ડી-વોલ તૂટી જવાની બનેલી બે ગંભીર ઘટનાઓમાંથી કડવો બોધપાઠ લઈને મનપા તંત્ર આ વર્ષે પ્રથમથી જ હાઈ એલર્ટ મોડમાં આવી ગયું છે. સુરત શહેરમાં હાલ રિયલ એસ્ટેટ ક્ષેત્રના અસંખ્ય પ્રોજેક્ટો ધમધમી રહ્યા છે, જે અંતર્ગત જે સાઈટો પર ડી-વોલ બની હોય અથવા બેઝમેન્ટ કક્ષાએ પાયા ખોદવાની કામગીરી ચાલતી હોય તેવી 100થી વધુ અંડર કન્સ્ટ્રક્શન સાઈટોને સલામતીના પ્રત્યક્ષ કે પરોક્ષ પગલાં લેવા માટે મનપા તરફથી નોટિસ ફટકારવામાં આવી છે. તંત્રએ મિલકતદારોને સ્પષ્ટ તાકીદ કરી છે કે, બાંધકામ હેઠળની સાઈટ તેમજ તેની આજુબાજુની અન્ય મિલકતોની સુરક્ષા માટે તમામ અસરકારક અને જરૂરી પગલાં લઈને કાચા કે આળા બાંધકામને વહેલી તકે સલામત સ્થિતિમાં લાવવું પડશે, જેથી ચોમાસા દરમિયાન કોઈ મોટી દુર્ઘટના નિવારી શકાય.

બીજી તરફ, ચોમાસાની ઋતુમાં જૂની, બિસ્માર કે ક્ષતિગ્રસ્ત મિલકતો ધસી પડવાના, બેસી જવાના કે અકસ્માત સર્જાવાના બનાવો અટકાવવા માટે મનપાએ અત્યંત કડક વલણ અપનાવ્યું છે. તંત્ર દ્વારા આવી તમામ જોખમી મિલકતોના ભયજનક ભાગોને તાકીદે રિપેર કરવા અથવા તો તેને દૂર કરવા માટે આદેશો જારી કરવામાં આવ્યા છે. જો આ સૂચનાઓનો અમલ કરવામાં નહીં આવે અને વરસાદ દરમિયાન કોઈ જાનહાનિ કે અકસ્માત સર્જાશે, તો તેની સંપૂર્ણ કાયદાકીય જવાબદારી જે તે મિલકતદારની રહેશે. આ આદેશનું ઉલ્લંઘન કરનારાઓની મિલકતો સીલ કરવા સહિત બેદરકારી બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની પણ ચીમકી આપવામાં આવી છે. આ ઉપરાંત, શહેરમાં જ્યાં બાંધકામો ચાલુ હોય કે પૂર્ણ થઈ ગયા હોય ત્યાં રસ્તાઓ પર કે આસપાસ બિલ્ડરો દ્વારા ઈંટ, રેતી, કપચી અને અન્ય કન્સ્ટ્રક્શન મટિરિયલ ગમે ત્યાં બિનવારસી હાલતમાં છોડી દેવામાં આવે છે. ચોમાસામાં વરસાદી પાણીના નિકાલમાં આ સામાન મોટો અવરોધ ઉભો કરે છે, જેના કારણે પાણી ભરાવવાની અને ગંદકીની સમસ્યા સર્જાય છે. મનપાએ આવા તમામ બિલ્ડીંગ મટિરિયલ્સના સ્ક્રેપીંગ અને નિકાલ માટે મિલકતદારોને અંતિમ તાકીદ કરી છે અને નિયમ ભંગ કરનારાઓ સામે સીધા પોલીસ કેસ સુધીની કાનૂની કાર્યવાહી કરવાની સ્પષ્ટ ચેતવણી આપી છે.

# પરસ્ત્રીસાથેનાપ્રેમસંબંધમાં પત્ની પર અત્યાચાર

**પતિ** અને પ્રેમિકા સામે લસકાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો

**શૈફાલીબેન** પટેલ નામની મહિલાએ ધર્મેશ વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં સમાધાન થઈ ગયું હતું

સુરતઃ લસકાણાના પાસોદરમાં પરસ્ત્રી સાથેના પ્રેમસંબંધનો વિરોધ કરનારી પરિણીતાને મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

મૂળ ઉનાના બંધારડા ગામના અને હાલ પાસોદરા ખાતે રહેતા ૩૩ વર્ષીય નેહાબેન સુતરિયાના લગ્ન વર્ષ ૨૦૧૨માં ધર્મેશ ધીરૂભાઈ સુતરિયા સાથે થયા હતા. વર્ષ ૨૦૧૯થી પતિ ધર્મેશ અન્ય મહિલાઓ સાથે મોબાઈલ પર વાતચીત કરતો હોવાની નેહાબેનને જાણ થઈ હતી. આ બાબતે પત્નીએ વિરોધ કરતાં પતિ અવારનવાર ઘરકામ બાબતે ઝઘડા કરી 'હું તો બીજી સ્ત્રીઓ સાથે સંબંધ રાખીશ, તારે રહેવું હોય તો રહે નહીંતર પિયર જતી રહે' તેમ કહી શારીરિક-માનસિક ત્રાસ આપવા લાગ્યો હતો. રમિયાન, વર્ષ ૨૦૨૨માં શૈફાલીબેન પટેલ નામની મહિલાએ ધર્મેશ વિરુદ્ધ કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં બાદમાં બંને વચ્ચે સમાધાન થઈ ગયું હતું.

આ સમાધાન બાદ પતિ ધર્મેશે ફરીથી શૈફાલી સાથે પ્રેમસંબંધ શરૂ કરી દીધો હતો. આ ગેરકાયદે સંબંધોનો નેહાબેને વિરોધ કરી પતિ અને શૈફાલીને સુધરી જવા સમજાવ્યા હતા. પરંતુ આરોપી પતિએ પત્નીના વાળ પકડી બેરહેમીથી માર માર્યો હતો. અંતે પતિ અને તેની પ્રેમિકાના અસહ્ય ત્રાસથી કંટાળીને નેહાબેને લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધર્મેશ ધીરૂભાઈ સુતરિયા (રહે. રામવાટિકા સોસાયટી, વેલંજા, સુરત) અને શૈફાલીબેન પટેલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.